

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*અડી જતી'તી અસ્પૃશ્યતા 'છેટે'નો છેદ કાઢ્યો,*
*ગાંધીજીનો પ્રિય શબ્દ 'હરિજન' ને 'કેદ' રાખ્યા!*
*કાઢો 'આભડછેટ' 'મન' અને વ્યવહાર માંથી -*
*અશક્ત સત્તાને હવે 'સવર્ણ' વચ્ચે ભેદ ભાખ્યો !*
*(શબ્દ, 'સવર્ણ' પર બાન ?!)*

### હાઈકુ

*કરો સુધારા*
*સામાજિક મૂલ્યોમાં*
*'કોશ'માં નહીં !!*

*ડીક્ષનેરી ને*
*રાખતા ન 'સ-વર્ણ'*
*કોરી છાપજો !*

### ચિંતન

*શ્રોતં શ્રુતેનૈવ ન કુણ્ડલેન દાનેન પાર્ણિર્ન તુ કંકણેન ।*
*વિભાતિકાયઃ ખલુ સજ્જનાનાં પરોપકારૈન તુ ચંદનેન ॥*

**ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નાવલીમાંથી લેવામાં આવેલ છે.**

**સજ્જનોનાં કાન શાસ્ત્ર સાંભળવાથી શોભે છે, કુંડળથી નહિ, હાથ દાનથી શોભે છે, કંકણોથી નહિ તેમજ શરીર પરોપકારથી શોભે છે. ચંદનના લેપથી નહિ.**

**આપણી દસ ઈન્દ્રિયો આપણા મોક્ષ અને પુણ્યકાર્યો માટે મદદરુપ થવા જ ઈશ્વરે આપી છે આપણે એનો સદુપયોગ કરતા નથી, ઉલ્ટું વ્યસન અને વાસનાના સંતોષ માટે જ તેનો ઉપયોગ કરીએ છે.**

**આંખથી ઈશ્વર નહીં પણ ન જોવાનું જોઈએ.**

**કાનથી સંત્સંગ-કથા-વાર્તા નહીં પણ ટીકા નિંદા જ સાંભળીએ છીએ.**

**જીભથી સ્તુતિ-ભજન-કીર્તન નહીં પણ સ્વાદના ચટકા અને કોઈને હાનિ થાય એવું ખોટું બોલીએ છીએ.**

### સુવિચાર

- તમારી સાથે જિંદગી જેમ ઘટે તેમ ઘટવા દો,
  મારું માનજો, જિંદગી જ હંમેશા સાચી હોય છે - **ડેવિડ વિટ્ટલ**
- તમે કેટલા ધીમા છો એનું કોઈ મહત્ત્વ નથી, બસ જો તમે અટક્યા નથી તો તે પૂરતું છે - **કન્ફ્યુશિયસ**
- શિક્ષણ વિના સ્વતંત્રતા હંમેશા જોખમી હોય છે અને
  સ્વતંત્રતા વિના શિક્ષણ હંમેશા વ્યર્થ હોય છે - **જહોન એફ કેનેડી**
- કોઈ પણ તમને આઝાદી નહીં આપી શકે, કોઈ પણ તમને ન્યાય અપાવી ન શકે,
  જો તમે માણસ છો તો તે જાતે જ મેળવો - **માલ્કમ એઝુર**
- આસમાં ઈતની બુલંદી પે જો ઈતરાતા હૈ, ભૂલ જાતા હૈ જમી સે હી નજર આતા હૈ - **વસીમ બરેલવી**
- જો ખરાબ માણસો જ ન હોય તો સારા વકીલો પણ ન હોત - **ચાર્લ્સ ડિકન્સ**
- આજનું ઔષધ : આંબલીના ફુલને પાણીમાં વાટી તે પેસ્ટ શરીર પર લગાવવાથી શરીરમાંથી આવતી દુર્ગંધમાં તરત રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક નાનું બાળક એક કાદવ વાળા નાળામાં પડી ગયું. નાળું એવું હતું કે જો જરાક પાણી બાજુ જાય તો ડૂબી જાય એમ હતું એ બાળકને રોકવું અને પાછું બોલાવવું જરૂરી હતું. બાળક એટલું નાનું હતું કે તેને બોલાવીને રોકી ન શકાય કારણ કે તે એટલું સમજણું ન હતું. બે-ચાર જણા ભેગા થઈ બાળકને ચોકલેટની લાલચ આપી તરત બોલાવવા મથતા રહ્યા. કોઈક 'અહીં આવ બેટા, અહીં આવ દીકરા.' એમ વ્હાલથી એને કાંઠા તરફ બોલાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા પણ પરિણામ ન આવ્યું. એવામાં એક માણસને ચમકારો થયો. તે દોડતો જઈ બાજુની વસ્તીમાંથી લગભગ એની જ ઉંમરનું બાળક લઈ આવ્યો. નાળામાં પડેલું બાળક આ કિનારે બેઠેલા બાળકને જોઈને હસ્યું. અને બેઉ બાળકો તાડી પાડવા લાગ્યા. એકબીજાને જોઈ આનંદની ચીચીયારી પાડવા લાગ્યા. અને પેલુ નાળાની અંદર બેઠેલું બાળક ઘૂંટણીયા ભેર ચાલતું નાળાની બહાર આવવાની દિશામાં આગળ વધ્યું. અંતે સાવ કિનારા પર આવ્યું એટલે પેલા માણસે તરત એને ઊંચકીને બહાર કાઢ્યું. કહેવાનો ભાવાર્થ એટલો કે બાળકને તેના સ્તરની દૃષ્ટિએ જ વાત સમજાવવી જોઈએ. તેને સમજ પડે તે જ ભાષાનો ઉપયોગ કરવો જોઈએ. બાળક સાથે એની ઉંમર મુજબ વર્તવું જોઈએ.

# રાહુલબાબાની અદાલતી પરેડ

**તંત્રીસ્થાનેથી...**

રાહુલ ગાંધીની પનોતી લોઢાના પાયે શરૂ થઈ ગઈ છે. ચૂંટણી પ્રચાર દરમિયાન એમણે વધુ પડતાં ઉત્સાહમાં આવી જઈ કરેલ ઉચ્ચારણો અત્યારે એમના ગળાનો ગાળિયો બની રહ્યાં છે. ચૂંટણી પ્રચારની ભાષા ૫ નૈતિક નિયંત્રણ ઉપરાંત ચૂંટણી પંચના આદેશ મુજબ આચારસંહિતાનું ઉલ્લંઘન નહીં કરવાનું બંધન અનિવાર્ય ગણાવું જોઈએ. પરંતુ રાજકીય પક્ષોના આગેવાનો અને એમના સ્ટાર પ્રચારકો તે વખતે 'એવરી થિંગ ઈઝ ફૅર ઈન લવ એન્ડ વૉર' વાળા સૂત્રને અનુસરી ન કરવા જેવાં નિવેદનો કરતા રહે છે. એમાં વર્તમાન વડાપ્રધાન અને ગૃહપ્રધાન રાહુલ ગાંધી કરતા ચાર ડગલાં આગળ જ ચાલતા રહ્યા છે, પરંતુ ખાટલે મોટી ખોડ કે કોંગ્રેસ પાસે ભારતીય જનતા પાર્ટી જેવું સમર્પિત સંગઠન નથી. એટલે રાહુલ સામે અદાલતોમાં ઠેકઠેકાણે વાંધા અરજીઓ દાખલ થઈ ગઈ પરંતુ શાસક પક્ષના નેતાઓ સામે કોઈનું ઊનું ઊંહકારું સુધ્ધાં ન કર્યું. કદાચ જૂની પરંપરા મુજબ રાહુલ મંડળીએ માની લીધું હશે કે ચૂંટણીમાં તો આવી અવળચંડી ભાષા જ વાપરવી પડે, એ વગર શ્રોતાવૃંદ તાળીઓ ના પાડે. એટલે રાહુલને કોઈ ચતુર સુજાણ સલાહકારે કાન ફૂંકીને કહ્યું કે મોદીજી અને અમિત શાહ ભલે તમારી સાત પેઢીઓને વગોવતા ફરે - તમારા પૂર્વજોએ અને કોંગ્રેસ પાર્ટીએ દેશને લૂંટી ખાધો હોવાનાં જૂઠેજૂઠાં નિવેદનો કરતાં ફરે પણ એનો જરા જુદી રીતે જવાબ આપો. પોતાને વડાપ્રધાન 'ચોકીદાર' કહેતા ફરે છે તે તમારે જ્યાં જાઓ ત્યાં કહેવાનું કે 'ચોકીદાર ચોર હૈ!' ના સૂત્ર ક્લિક પણ થઈ ગયું અને રાહુલ ગાંધી તાનમાં આવી જઈ દરેક રેલીમાં બહુ જોર લગાવી લગાવીને આ સૂત્ર પોકારવા લાગ્યા. પબ્લિકને પણ મજા પડી ગઈ. રાહુલને ક્યાં ખબર હતી કે એ જ મુદ્દે મોદી ભક્તો એમને કોર્ટના દરવાજા દેખાડી દેશે ? અમિત શાહ વિરુદ્ધ પણ એમને અનર્ગળ આક્ષેપો કર્યા. એમનો વણઝારા બ્રાન્ડ એન્કાઉન્ટરમાં સામેલ ગણાવી હત્યાના આરોપી ગણાવ્યા. એ બધા આરોપોમાંથી ક્લીન ચીટ મેળવી ચૂકેલા અમિત શાહ રાહુલને છોડે ખરાં ? નોટબંધી ટાણે એડીસી બેન્કમાંથી કહેવાતી નાણાકીય હેરાફેરી મુદ્દે પણ રાહુલ ગાંધીએ ભરી સભાઓમાં આક્ષેપબાજી કરી. હવે જયારે વડાપ્રધાન બનવાનું સપનું લઈનો નીકળેલા આ શિખાઉ નહેરુવંશી ખુદ પોતાની બેઠક જાળવી શક્યા નથી અને કેરળની વાયનાડ બેઠક પર જઈ અહિંદુ મતદાતાઓની મહેરબાનીથી સંસદમાં જગ્યા મેળવી શક્યા છે ત્યારે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ પદેથી રાજીનામું ધરી દીધા પછી પણ ભાજપ-આરએસએસ એમને લેટ ગો કરવા તૈયાર નથી. લાફા મારીને ગાલ રાતા રાખવા રાહુલ ભલે અમદાવાદ આવીને કહેતા હોય કે મારી સામે ખોટા કેસો કર્યા છે, પણ અદાલતોમાં એ ટક્યા છે એટલે તો એમને રૂબરૂ હાજર થવાની નોબર આવી છે. અલબત્ત, અત્યારે રાજકારણમાં અગાઉ જેવી ઉદારમતવાદી લોબીનું અસ્તિત્વ જ નથી એટલે કિન્નાખોરી કહો કે જે કહો તે - પણ હવે તો રાહુલ બાબાને પાંચ વરસ લગી એક યા બીજા મુદ્દે મોદીજી અને અમિતજી ઊઠબેસ કરાવતા જ રહેશે !

# પ્રત્યેક પળને પ્રાર્થના બનાવો



**રંગ-ઉમંગ**

કાનન ઓઝા

આજે આપણને ભાવિ પેઢીના સંસ્કાર માટે ચિંતા થાય છે. પણ એ સ્થિતિ એટલે જ નિર્માણ થઈ કે ચિંતા કરાવનાર તત્ત્વ તરફ આપણે સાવ દુર્લક્ષ જ કર્યું. બાળક નાનો હોય ત્યારે અંગ્રેજી બોલતો હોય તો મા-બાપની છાતી ફુલાય. પણ એ બાળક ગીતાના શ્લોક ન બોલતો હોય તે તરફ તેમનું લક્ષ્ય જતું નથી. માણસ એ જાણી લેવું જોઈએ કે તેની પાસે જો આધ્યાત્મિક, માનવીય મૂલ્યો નહીં હોય તો તે બહુ કામનો નથી. નાણું, સત્તા, સ્વજન અને શરીર છોડાય પણ નીતિ ન છોડાય, રાષ્ટ્રીય મૂલ્ય ન છોડાય. જીવનને શ્રેષ્ઠ બનાવવા માટે વિચારણીય, ચિંતનીય અને આધ્યાત્મિક સામગ્રી હોવી જોઈએ.

સંયોગના કારણે જ ગાંધીજી ભારતની ગુલામીના કારણે રાજકારણમાં આવ્યા. આ પાત્ર રાજકારણી તો નહોતા જ એ હતા આધ્યાત્મના જીવ. પોતાનું કામ પૂરું થયું કે જતા રહ્યા.

જેમ પાણીના એક એક ટીપામાંથી આખી માટલી ભરાઈ જાય છે, તેમ એક એક સાક્ષર દરરોજ ભણવાથી માણસ વિદ્વાન બની જાય છે. પ્રતિદિન એક એક પૈસે ભેગો કરનાર માણસ ધનવાન બની જાય છે. તેજ પ્રમાણે રોજ-રોજ થોડું થોડું ધર્માનુષ્ઠાન કરવાથી માણસ ધાર્મિક બની જાય છે. આનો સાર એ છે કે : 'ઓછાને, થોડાને, ઘણુ સમજવું અને તેની ઉપેક્ષા કરવા નહીં. સાધારણ વ્યક્તિ પણ ધન અને શક્તિની થોડી-થોડી બચ ત કરીને ઘણું કરી શકે છે. ક્ષણે ક્ષણનો ઉપયોગ ધર્મ-ધ્યાનમાં કરી ને માણસ પોતાના જીવનમાં પ્રકાશ ફેલાવી શકે છે. પોતાની આંતરિક અવસ્થા ઊંચી કરી શકે. જીવનને જ્ઞાનથી ભરી શકે છે.'

મહાભારતમાં કહ્યું છે કે, 'એક ચોખાનો દાણો બગાડનાર સંપત્તિ ભેગી કરી શકતો નથી. જરૂરે જ સંપત્તિ વાપરો, ન જરૂરે એક પૈસો પણ ન ખરચો, તેજ પ્રમાણે જે ક્ષણને પકડી શકતો નથી. તે વિદ્યા મેળવી શકાતો નથી. અને એક ક્ષણ - પળની કિંમત ચક્રવત્તીના રાજયના તમામ સંપત્તિ કરતાં પણ વધારે છે, કારણ વિતેલી ક્ષણ પછી મેળવી શકાતી નથી.'

સમયની આવી કિંમત હોવા છતાં આપણે ઢગલો સમય રોજ બગાડીએ છીએ. ખરેખર તો માણસે વિસંવાદ ન થાય એ રીતે જરૂર જેટલી જ વાત કરવી તેનાથી વધારે જરા પણ બોલવા જેવું નથી. સમયનો ઉપયોગ અધ્યાત્મક માટે જ કરવા જેવો છે. જૈન ધર્મશાસ્ત્રમાં સમય ઉપયોગના અલગ અલગ દૃષ્ટાંતો નોંધાયા છે. ૧૯મા તીર્થંકર મલ્લીનાથે સવારે ગૃહસ્થ ધર્મ છોડ્યો, બપોરે એ ધ્યાનમાં ગયા અને સાંજે તો તમામ કર્મોને નષ્ટ કરીને તીર્થંકર પદને પામ્યા.

પ્રત્યેક ક્ષણ દરેક પણ ધર્મ, ધ્યાન અને સાધનામાં જ જાય, તો તો એવા પ્રશ્નો ઊભા થાય કે માણસે શું ખાવું, પીવું, પહેરવું, ઓઢવું નહિ ? તેના જવાબ ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં આપ્યો. 'યોગ કર્મસુ કૌશલમ્' એટલે કે 'પ્રત્યેક કર્મ યોગ બની જાય' તો ટાગોરજીએ કહ્યું : 'વર્ક ઈઝ વર્શિપ' - પ્રત્યેક કર્મ પ્રાર્થના બની જાય. પણ એવું ત્યારે જ બની શકે કે જયારે પ્રત્યેક ક્ષણનો ઉપયોગ જાગૃતિ પૂર્વક થતો હોય, જયાં જરા પણ પ્રમાદ ન હોય, જરા પણ તૃષ્ણા ન હોય, માણસ પોતાની પ્રવૃત્તિઓનું બારીકાઈથી નિરીક્ષણ કરે એ વિચાર કરતાં પહેલાં પણ વિચારે. વિચાર કર્યા પછી તો કામ શરૂ થઈ જાય છે. વિચાર કરતાં પહેલાં વિચાર થાય તો અશુભ વિચારને વેળાસર અટકાવી શકાય. જો અશુભ વિચાર લાંબો ચાલી જાય તો તેને અટકાવવો દુષ્કર બની જાય છે.

મન, વાણી અને શરીરને ક્રિયામાં મૂકતા પહેલાં વિચાર કરો. જેમ ઓપરેશન કરતાં પહેલાં ડૉકટર વિચારી લે છે, મકાન બનાવતા પહેલાં એન્જીનીયર વિચારી લે છે. શા ના માટે વિચારવાનું છે. તેનો વિચાર પહેલાં કરો. જો હિંસા માટે, કોઈનું અશુભ થાય તેના માટે વિચારવાનું હોય, પ્રેમ માટે વિચારવાનું હોય તો તે શુભ ધારા છે. જીવન સાથે કાળ સંકળાયેલો છે. કાળ તક, પરિપક્વતા અને અનુકૂળતા આપે છે. ક્ષણ ક્ષણ કામ મળીને અનંત સમય થાય છે. જિંદગી થાય છે, માટે પુરો વિચાર કરીને જ સમયનો ઉપયોગ કરો.

બુદ્ધિશાળી માણસનો સમય સુસાહિત્ય વાંચન, પરહિત કાર્ય, ભક્તિ અને ધર્મ, ધ્યાન સાધનામાં જાય છે. પરંતુ મૂર્ખ માણસનો સમય કજિયા, કંકાસ, દુર્વ્યસનમાં જાય છે. એવા ચાર માણસો ભેગા થાય તો નશો કરે, જુગાર રમે કે કુથલી કરે છે. એવા લોકો કાળ વ્યતિત નથી કરતા પણ કાળ તેમને ખાય છે, પણ એનું તેમને ભાન નથી પાણીના બુંદની કિંમત નહિ સમજનાર પાણી ભેગું નથી કરી શકતો. ચોખાનો દાણો નહિ બચાવનાર ધાન્ય અને ભેગુ ખરી શકતો નથી. તેમ સમયની ક્ષણ નહિ બચાવનાર જીવનને નથી બચાવી શકતો. એક જુવાને મને પૂછ્યું, મારે શું કરવું ? 'મેં તેને કહ્યું : 'સારું વાંચન કર.' પેલો કહે, 'એ તો કરું છું.' નામાંકિત નટ-નટીઓના જીવનમાં બનતા બનાવોની ઝીણાં ઝીણી, વિગતવાર નોંધ મારી પાસે છે.' યુવાનો આવી રીતે સમયને બરબાદ કરે છે.

# કોંગ્રેસની કાયાપલટ કે રાજકીય ખેલ ખતમ ?



**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

'કોંગ્રેસ મૂક્ત ભારત' ના અભિયાનનો આરંભ થઈ ચૂક્યો છે. ત્યારે હવે કોંગ્રેસ પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે ઝઝૂમી રહી છે. દેશની સૌથી જુની આ રાજકીય પાર્ટીની લોકપ્રિયતા એક સમયે ચરમસીમાએ હતી. ભારતીય રાજનીતિમાં 'નહેરુ યુગ' અને 'ઈન્દિરા યુગ' આવી ગયેલો. એ વખતે અન્ય કોઈ પક્ષનું ટકવું પણ અઘરું હતું. અને ઈન્દિરાજીની હત્યા બાદ સહાનુભૂતિની લહેરે શ્રી રાજીવ ગાંધીને ૪૦૦થી વધારે સીટો આપીને દેશના સૌથી લોકપ્રિય વડાપ્રધાન પદે બિરાજમાન કર્યા હતા. અહીં સુધી કદાચ કોંગ્રેસનો ધ્વજ યોગ્ય દિશામાં ફરફરતો હતો. પરંતુ શ્રી રાજીવ ગાંધીના વખતથી આ હવા અને દિશા બદલાયેલા જોવા મળે છે. શ્રી રાજીવ ગાંધીએ ઈન્દિરાજીની હત્યાના એક દિવસ અગાઉ સ્વપ્રેય વિચાર્યું નહોતું કે પોતે ભારતના વડાપ્રધાન બનશે. અને અચાનક આવી પડેલી પરિસ્થિતિને કારણે એ પદ સુધી પહોંચી તો ગયા પણ પછી જે ભ્રષ્ટાચારો, ષડયંત્રો, આક્ષેપોની જે રાજનીતિ શરું થયેલી તે સર્વવિદિત છે. દેશને સૌ પ્રથમ કૉમ્પ્યુટરની ભેટ આપનાર આ યુવા વડાપ્રધાને એ વખતે જાહેરમાં કહેલું કે સરકાર ગરીબોના કલ્યાણની યોજનાઓ બનાવે છે અને ગ્રાન્ટ ફાળવે છે પરંતુ દરેક સો રૂપિયે ગરીબો સુધી તો માત્ર દસ રૂપિયા જ પહોંચે છે. એક વડાપ્રધાન તરીકે આવું જાહેરમાં બોલવું અને માનવું અને કોઈ પગલા ન લેવાની અસમર્થતા જાહેર કરવી એ વિચારણીય અને કરૂણાજનક બાબત હતી. પણ શ્રી રાજીવજી સંવેદનશીલ અને સ્વપ્રીલ હતા, દેશની ગંદી રાજનીતિના ચક્રવ્યૂહથી અજાણ હતા. વળી અહીંથી આ પક્ષની પડતીનું કારણ એ પણ હતું કે તેમની આસપાસના મુખ્ય સલાહકારો જ દેશ ચલાવતા હતા. કહેવાય છે કે વ્યક્તિની સજ્જનતા જ્યારે સજ્જનતાની હદ વટાવી જાય છે ત્યારે દૂર્જનતા વ્યક્તિ ઉપર હાવી થઈ જતી હોય છે. સલાહકારોની સ્વાર્થતા, બાબા અને તાંત્રિકોની માયાજાળ, વરિષ્ઠ નેતાઓનું શકુનીપણું અને રાજીવજીનો વધુ પડતો વિશ્વાસ અને આત્મવિશ્વાસ — આ બધુ ભેગું થઈને આ પક્ષની અને દેશની પ્રગતિને અવળી દિશાએ લઈ જાય છે. અને પછી છેક રાજીવજીની હત્યા સુધીના કાવતરાઓ બને છે. જે દેશના પ્રધાનમંત્રી ખૂદ પોતાની જ સુરક્ષા જ ના કરી શકે તો એ દેશની સુરક્ષા કંઈ રીતે કરી શકશે ? જે પક્ષના બે — બે વડાપ્રધાનોની હત્યા થાય એ પક્ષે પણ એમની નીતિ અને કાર્યપદ્ધતિ વિશે મનોમંથન કરવું જોઈએ. પરંતુ આપણે ત્યા કહેવત છે ને કે વિનાશ કાળે વિપરિત બુદ્ધિ.

દેશના સૌથી જુના, અનુભવી અને સક્ષમ પક્ષના અસ્તિત્વ સામે આજે પ્રશ્નાર્થ મૂકાઈ ગયો છે. એનું સૌથી મોટું કારણ છે વર્ષોથી ચાલ્યો આવતો પરિવારવાદ. શ્રી રાજીવજીની હત્યા પછી જે શૂન્યાવકાશ કોંગ્રેસમાં છવાયો. સોનિયાજીએ રાજકારણમાં આવવાની સ્પષ્ટ ના કહી દીધેલી. અને પછીના જે સાત વર્ષોમાં કોંગ્રેસીઓની આપસી અસલિયત પ્રજાની સામે આવી તે પણ ન ભૂલી શકાય એવી હતી. ભ્રષ્ટાચાર, પ્રપંચો, સત્તા પ્રાપ્તિની રમતો, હત્યાઓ, આ બધુ સતત થતું ગયું અને બીજી તરફ એક જૂથ સોનિયાજીને સમજાવતું રહ્યું. અને ફરીથી એ જ ચક્ર ગાંધી પરિવાર જિંદાબાદના નારા અને આ દરમિયાન રાહુલ ગાંધી પણ યુવાન થઈને રાજનીતિ કરવા માટે સજ્જ થઈ ગયેલા. પુત્રની રાજકીય કારકિર્દી બનાવવા માટે સોનિયાજીનો સાત વર્ષનો વનવાસ પુરો કરીને રાજનીતિમાં પ્રવેશ, પક્ષનું સુકાન અને છેક વડાપ્રધાન બનવા સુધીની ક્ષણે પહોંચીને આ ઉચ્ચ પદનો ત્યાગ કરીને ડૉ. મનમોહનસિંહને વડાપ્રધાન બનાવવા સુધીની ઘટનાઓ પણ સીધી દિશામાં જતી હતી, એમ માની લઈએ. આપણે સૌ જાણીએ છીએ કે ડૉ. મનમોહનસિંહ દેશના જ નહીં વિશ્વના શ્રેષ્ઠ અર્થશાસ્ત્રીઓ પૈકીના એક છે. એકદમ શાંત, સૌમ્ય અને સરળ વ્યક્તિત્વના સ્વામી છે. અને દશ વર્ષ તેઓ દેશના પ્રધાનમંત્રી રહ્યા. આ દસ વર્ષ જો તેઓને પૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી હોત તો આજે દેશની દશા અને દિશા કંઈક જુદા જ હોત. પરંતુ દુનિયાના સૌથી મોટા લોકશાહી દેશનો વડાપ્રધાન કોઈ પારિવારિક પક્ષનો રબ્બરસ્ટેમ્પ બનીને રહી જાય તો એ દેશના વિનાશ માટે દુશ્મનો બહારથી લેવાની જરૂર નથી. બધા અંદર જ હતા. અને પછી તો જેમ જંગલમાં ઘણા બધા ખૂંખાર સિંહ ભેગા થઈને કોઈ મોટા કદાવર હાથીનો શિકાર કરીને એની મિજબાની ઊડાવે તેમ વિશાળ હાથી જેવા કદાવર દેશનો શિકાર કરીને સૌ શિકારીઓએ દસ દસ વર્ષ સુધી મિજબાની ઊડાવી છે. જેને કારણે દેશ સાવ ખોખલો તો થઈ ગયો પણ દેશની પ્રજામાં એક જનઆક્રોશ પણ ભરાયો. આ બાજું કોંગ્રેસ જેને કશું યે ગણતી નહોતી એવી બીજેપી પાર્ટી ધીમે ધીમે પ્રજાના હદય સુધી પહોંચીને મજબૂત થતી ગઈ છે. અને વર્ષ ૨૦૧૪માં શું ઘટના ઘટી તે આખું વિશ્વ જાણે છે.

શિખરથી તળીયા સુધીની આ યાત્રા હોવા છતાંય હજીયે કેમ કોઈ આત્મમંથન કરતું નથી ? આજે કોંગ્રેસના અસ્તિત્વ સામે એક મહાપ્રશ્નાર્થ ખડો થઈ ગયો છે. પક્ષના અધ્યક્ષ શ્રી રા.ગા.એ પક્ષપ્રમુખમાંથી રાજીનામું આપી દીધું છે. પણ તેમના પક્ષ ઉપરના પ્રભાવનું શું ? એમાંથી કોંગ્રેસીઓ મૂક્ત થશે ખરા ? કેમ કે તાજેતરમાં જ નવા નિમાયેલા ૯૦ વર્ષના શ્રી મોતીલાલ વોરા પક્ષના નવા અધ્યક્ષ તો બને છે પણ તેઓ જાહેરમાં પોતાના પૌત્ર જેવડી ઉંમર ધરાવતા પૂર્વ પક્ષાધ્યક્ષશ્રી રાહુલ ગાંધીનો ચરણસ્પર્શ કરે અને શ્રી રાહુલજી મનોમન મુસ્કુરાય. એ કેવું લાગે ? આ પરિવારભક્તિમાંથી નહી તો બીજું શું છે ? આ ચરણસ્પર્શની તસવીર સોશિયલ મીડિયા ઉપર ખૂબ વાઈરલ થયેલી છે. સિંધિયા અને મિલિન્દના રાજીનામા અને અન્ય રાજ્યોમાં પણ સરકાર હોવા છતાંય કોંગ્રેસી નેતાઓના સામે આવી રહેલા રાજીનામાઓએ આ પક્ષના આખા અસ્તિત્વને હચમચાવી નાખ્યું છે. શક્ય છે કે પત્રકારોને, ચેનલોવાળાઓને આ બધુ નાટક લાગે અને હોય પણ ખરું કેમ કે લોકો તો એવી યે ચર્ચા કરે છે કે નવા પ્રમુખની ઉંમર ૯૦ વર્ષની છે એકાદ બે વર્ષમાં જ તેઓ અસ્વસ્થ થવાના જ છે. અને એ વખતે ફરીથી સૌ ભેગા થઈને રા.ગા.ને કે પ્રિ.ગા.વા. ને અધ્યક્ષ સ્થાને બેસાડશે.

જો ફરીથી કોંગ્રેસને બેઠી કરવી હોય તો સૌથી ઉપરની એક આખી પેઢીને ફરજીયાત નિવૃત્ત કરી દેવાની જરૂર છે. એવું નથી કે કોંગ્રેસમાં યોગ્ય નેતાઓ નથી. છે. દરેક રાજ્યોમાં સક્ષમ નેતાગીરી છે. લીડરો છે. નિષ્ઠાવાનો પણ છે. પણ સૌને પોતપોતાના રાજ્યોમાં મંત્રીઓ, મુખ્યમંત્રી થવું છે. સૌ એકબીજાને પછાડવા, કાપવા, નીચે દેખાડવા ઈચ્છે છે. સૌને સર્વોચ્ચ સત્તા જોઈએ છે. પ્રજાની સેવાનો ભાવ મોટેભાગે કોઈ નેતામાં નથી. ખરેખર તો આ વિશાળ પક્ષે વિચારવું જોઈએ કે જે પક્ષ દેશનો સૌથી જુનો અને વધુ સક્ષમ, લાંબી સત્તા પર રહેલો છે. તે પક્ષ આજે વિરોધ પક્ષને પણ લાયક નથી રહ્યો. આટલીબધી નામોશીનું કારણ શું ? શા માટે શિખરથી તળિયે આવી જવાયું ?

જો કોંગ્રેસે ફરીથી ઊભૂ થવું હોય તો છેક તળિયેથી — મૂળથી વિચારવું પડશે. હવે બધા જ ક્ષેત્રોમાં જુની પેઢી ખતમ થઈ ગઈ છે. નવી પેઢીના હાથમાં આ ૨૧મી સદી છે. આ બાબત ધ્યાનમાં રાખીને ૫૦ વર્ષથી ઉપરના તમામ નેતાઓને નિવૃત્તિ આપી દઈને ૩૫થી ૫૦ વર્ષ સુધીના યુવા નેતાઓને નેતૃત્વ સોંપી બીજી એક આખી નવી યુવા પેઢીને તૈયાર કરવાની જરૂર છે. આ અંગે રાષ્ટ્ર કક્ષાએ એક આખી યોજના બનાવી શકાય અને એનો સંપૂર્ણ નિષ્ઠાથી અમલ થાય તો ચોક્કસ સારા પરિણામો મળી શકે એમ છે. કેમ કે હવે આ યુગમાં વિરોધપક્ષનું કામ માત્ર સરકારનો વિરોધ કરવાનું જ નથી પણ સરકારની સારી યોજનાઓની પ્રસંશા કરવાનું પણ છે. અને જો આવું થશે તો પ્રજા પણ નિષ્ઠાની નોંધ લેશે. આ વખતે ૨૦૧૯ની ચૂંટણીમાં આખા દેશની પ્રજાની લાગણી શ્રી નરેન્દ્ર મોદી તરફની હતી અને જેમની આટલી પ્રચંડ લોકપ્રિયતા હોય એને તમે જાહેરમાં " ચોકીદાર ચોર હૈ " કહીના જાત જાતના ખોટા આક્ષેપો કરો તો એ બધું પ્રજા તો જુએ છે. સમજે જ છે. અને જો પ્રજાને લાગશે ફલાણો નેતા ચોર છે તો તો ખૂદ પ્રજા જ એને પોતાનો વૉટ નહી આપીને એને પદવંચિત કરશે જ. કોણ ચોર છે અને કોણ શાહૂકાર છે એ પ્રજાને નક્કી કરવાનું હોય છે.

કોંગ્રેસની હારનું એક મોટું કારણ એના નેતાઓની ક્લિષ્ટ અને ઝેરીલી ભાષા પણ છે. તો વળી બધા સાથેનો અયોગ્ય વ્યવહાર, જાહેરાતો, પ્રચાર પ્રસારની અયોગ્ય પદ્ધતિઓ, ઉમેદવારોની ખોટી પસંદગી, પારિવારિક ભક્તિ, અને રાષ્ટ્ર વિરોધી નીતિ પણ છે. આ બધુ પ્રજા સામે સાવ ખોટી રીતે પીરસાયું અને પ્રજાએ પોતાની સૂઝ સમજણ મુજબ યોગ્ય પ્રતિક્રિયા આપી. જે પક્ષ દેશ અને દુનિયા સમક્ષ શ્રી નરેન્દ્ર મોદીનો સખત વિરોધ કરતો હતો પ્રજાએ એને વિરોધપક્ષને લાયક પણ ના બનવા દીધો. આનાથી મોટી નામોશી બીજી કંઈ હોઈ શકે ?

કોંગ્રેસ જો હજીયે સમયસર નહીં વિચારે, તો આવતા વર્ષોમાં હજીયે આનાથી વધુ કરૂણસ્થિતિ બની શકે છે. આ વખતે ગુજરાતમાં તો કોંગ્રેસ આવતા આવતા રહી ગઈ. એના યે ઘણા નક્કર કારણો છે. જે આવતી ચૂંટણીમાં પણ જો એમ જ રહેશે તો પરિણામ પણ ફરીથી આવું જ આવશે. વ્યક્તિનું તો ડીએનએ નથી બદલી શકાતું પણ રાજકીય પક્ષનું ડીએનએ તો બદલી શકાય છે. જો આવું કંઈક થશે તો ... બાકી તો... મેરા ભારત મહાન

9426060601.india@gmail.com

# વિશ્વકપને રહ્યું વ્હેત છેટું : વેલ પ્લેયડ ટીમ ઈન્ડિયા!



**રઝળપાટ**

અજય ઉપાધ્યાય

"ધોનીને વહેલો ઉતારવાની જરૂર હતી '....." પહેલી ૪૫ મીનીટમાં જ અમે સેમી હારી ચુકેલા '...'ન્યૂઝીલેન્ડની બોલિંગ સટીક અને નિશાના પર હતી '....' અમે પ્રેસર ને બરાબર હેન્ડલ ન કરી શક્યા '....' ન્યૂઝીલેન્ડ પ્લેયડ બેટર ધેન અસ '......! કોઈ પણ નિવેદન ઉઠાવી લો પણ હકીકત એ છે કે ક્રિકેટ વિશ્વકપ ૨૦૧૯મા ટોચ પર રહેલી અને મહત્તમ મેચ જીતેલી ટીમ ઈન્ડિયા સેમીફાઈનલમાં કરારી હાર ખાઈને ટુર્નામેન્ટની બહાર થઈ ગઈ છે. એ તો શુકર મનાઓ ધોની અને જાડેજાનો કે આ બંનેને લીધે ઈન્ડિયન ટીમ સન્માનજનક હાર મેળવી શકી બાકી તો પાંચ રનમાં ત્રણ આધારભૂત બેટ્સમેન ગુમાવ્યા પછી આટલી લાંબી લડતની કલ્પના તો આ લખનાર સહીત કોઈને હતી પણ નહિ...! ઈવન ન્યૂઝીલેન્ડ પણ ધોની અને જાડેજા હતા ત્યાં સુધી જીત મળશે એવી શ્રધ્ધા નહિ જ રાખતું હોય કાજરણ કે જે રીતે એ બન્ને એ મેચનું રુખ બદલવાની કોશિશ કરી એ કાબિલ-એ-તારીફ હતી જ એમાં કોઈ શક નથી જ..!

વિશ્વકપ ૨૦૧૯મા ઈન્ડિયા કપ જીતવાના પ્રબળ દાવેદાર તરીકે જ ઉતરેલી અને શરુઆતની મોટાભાગની મેચોમાં એનું પ્રદર્શન પણ એક વિજેતાને છાજે એવું જ હતું. શરૂઆતની લીગ મેચોમાં આફ્રિકા, ઓસ્ટ્રેલીયા, પાકિસ્તાન જેવી ધરખમ ટીમોને જે રીતે ધૂળ ચાટતી કરી હતી તેના પરથી તો કપ જીતવા માટે ભારત દાવેદાર હતું જ પણ ક્રિકેટ માટે કહેવાય છે કે જે દિવસ તમારો ના હોય તે દિવસે તમને કોઈ પણ ટીમ હરાવી શકે છે અને સેમીમાં પણ એમ જ થયું. આ લખાય છે ત્યારે પુરા થયેલા ઓસીઝ ઈંગ્લેન્ડના બીજા સેમીમાં પણ પાંચ વાર ચેમ્પિયન ઓસીઝનો ખરાબ દિવસ નજર સામે જ છે.સેમીમાં કિવીઝના બોલરોની કાતિલ ગેંદબાજીની તારીફ તો કરવી જ રહી પણ સાથે સાથે એ નોંધવું રહ્યું કે વાતાવરણ પણ એમને અનુરૂપ હતું. ન્યુઝીલેન્ડમાં મોટાભાગે આવું ઓવરકાસ્ટ વેધર એ આમ વાત છે અને ન્યૂઝીલેન્ડની ટીમને આવા વાતાવરણનો લાભ ઉઠાવવાની વર્ષો જૂની આદત પણ છે. પણ એનો અર્થ એ નથી કે ભારતીય ટોપઓર્ડરનો આ હારમાં કોઈ રોલ જ નથી. રાહુલ, રોહિત અને કોહલીની વિકેટ સેમી માટે ટનહ્રાગ સાબિત થઈ. ઓવરકાસ્ટ કન્ડીશનમાં સ્વીંગ થતા બોલનો કુનેહ્ભર્યો ઉપયોગ અને ભારતીય ટોપ ઓર્ડરનું ખરાબ શોટ સિલેકશન ન્યૂઝીને ફાઈનલ સુધી લઈ ગયા.

અધૂરામાં પૂરું આગલી લગભગ બધી જ મેચોમાં ટોપ ઓર્ડરે જ બાજી સંભાળી લીધેલી એને લીધે મિડલ ઓર્ડરના ભાગે બહુ ખાસ કશું કરવાનું આવેલું નહિ. અગાઉની મેચોમાં પાંચ માં ત્રણ જેવી વિકટ પરીશ્થીતી આવેલી જ નહિ એવામાં સેમીમાં આ કઠોર સ્થિતિમાં મિડલ ઓર્ડરની નબળાઈ એક્સપોઝ થઈ ગઈ, એમાયે નમ્બર ૪ ની ટુર્નામેન્ટ શરુ થયા પહેલા ચાલેલી ચર્ચા સેમીમાં સાચી પડી. ભારતે ટુર્નામેન્ટમાં શંકર, પંત, કાર્તિક, જાદવ, પંડ્યા જેવાઓને નમ્બર ૪ પર મેચ દર મેચ ઉતાર્યા કર્યા, કેમકે નંબર ૪ નું સ્થાન પહેલેથી જ ડગુમગુ હતું જ. જો કે મારા મતે સેમીમાં કાર્તિકને બાદ કરતા પંત અને પંડ્યાએ એની કેપેસીટી મુજબ સારું પ્રદર્શન કર્યું પણ એવું જ ટોપઓર્ડર માટે કહી ન શકાય. ધવનની ઈન્જરી મેજર અપસેટ કહી શકાય.નો ડાઉટ રાહુલે સારી બેટિંગ કરી પણ ટુર્નામેન્ટમાં જે કોમ્બીનેશન સાથે ભારત આવેલું એ કોમ્બીનેશનને ધવનના જવાથી ઝાટકો તો લાગેલો જ. એક તો રાઈટી લેફટીનું કાતિલ કોમ્બીનેશન તૂટી ગયું અને બીજું કે ધવનના અનુભવ અને હાર્ડહિટીંગનો લાભ ગુમાવ્યો.

ક્રિકેટમાં જો અને તો ને સ્થાન નથી જ છતાં પણ નિષ્ણાતો અને ક્રિકેટરસિકોના મતે ધોનીને આગળ ઉતારવામાં આવ્યો હોત તો કદાચ સિનારિયો જુદો હોત પણ જેમ કોહલીએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું એમ ધોનીને સાત નમ્બર પર ઉતારવાનો પ્લાન ટીમ મીટીંગમાં જ નક્કી થઈ ગયેલો. ટીમનું માનવું હતું કે કાર્તિક, પંત અને હાર્દિક જો રમી જાય તો ફાયદો અને ના રમી શકે તો પાછળ આવેલા ધોની જવાબદારી સાંભળી શકે. અને એક વાત તો કબૂલવી જ પડે કે ભલે બેટિંગમાં ધોનીના રીફ્લેક્સીસ પહેલા જેવા ના રહ્યા હોય, ધોની ભલે પહેલાની જેમ ગ્રેટ ફિનીશર ના રહ્યો હોય છતાં પણ 'ધોની હજુ ક્રીઝ પર છે' એ હાઉ વિશ્વની બધી જ વિરોધી ટીમો પર હજુ ય એટલો ને એટલો જ છે. પાંચમાં ત્રણ વિકેટ અને ૯૨માં છ વિકેટ જેવા સ્કોર પર ધોની પાસે મેચ વિનિંગ બેટિંગની આશા એટલા માટે નહોતી કે હવે ફક્ત જાડેજા જ બાકી હતો અને બાપુને છેલ્લા વર્ષોમાં મળેલા ઓછા ચાન્સીસને લીધે જીતવાની આશા તો નહિવત હતી જ પણ બીગ સેલ્યુટ ટુ રવીન્દ્ર જાડેજા કે એણે વિપરીત પરિસ્થિતિઓમાં પણ જે શાનદાર અને જાનદાર બેટિંગ કરી એની નોંધ વિશ્વકપના ઈતિહાસમાં હમેશા લેવાશે જ. ૨ જુને આ જ કોલમમાં વિશ્વકપની શરૂઆત પર લખેલા આર્ટીકલમાં ઉલ્લેખ કરેલો કે પુરતો મોકો મળે તો જાડેજા ગેમ-ચેન્જર બની શકે છે. જો કે પુરતી નહિ પણ ઓછી મળેલી તકનો પણ જાડેજાએ બેટિંગ બોલિંગ અને ફિલ્ડીંગમાં શ્રેષ્ઠ દેખાવ કરીને પોતાની હાજરી સાબિત કરી બતાવી એ ભારત માટે આ વર્લ્ડકપનું જમા પાસું કહેવાય.

રમતમાં હાર જીત તો થયા જ કરે પણ સાથે સાથે એ પણ સાચું છે કે કપની આટલી નજીક આવ્યા પછી હાર મળે એનું દુખ અને નિરાશા સ્વાભાવિક છે પણ આ વિશ્વકપના ભારતીય ટીમ માટે ઘણા પોઝીટીવ પહેલું રહ્યા જેને યાદ કરવાથી આ હારનું દુખ ઓછું થઈ શકે છે. બેટિંગમાં પાંચ સદી ફટકારીને રોહિતે અને સતત પાંચ અર્ધી સદી ફટકારીને વિરાટે વિરોધી ટીમો પર પોતાનો સિક્કો જમાવ્યો, ઈનફેક્ટ ઈંગ્લેન્ડ ઓસીઝના બીજા સેમી પત્યા પછી પણ રોહિત અત્યારે ૬૪૮ રન સાથે ટુર્નામેન્ટનો ટોચનો બેટ્સમેન છે. તો પંડ્યાએ ઉપયોગી ફટાફટી બેટિંગ અને લગભગ દરેક મેચોમાં શરૂઆતી સ્પેલમાં જ વિકેટ ઝડપીને એક ઓલરાઉન્ડર તરીકે પોતાને વધુ નિખાર આપ્યો. પાંચમાં બોલરની ભૂમિકા હાર્દિકે બરાબર નિભાવી એ ભારત માટે ભવિષ્યના સારા સંકેત છે. બુમરાહનો ખોંફ દરેક ટીમો પર સરખો જ રહ્યો. શરૂઆતી સ્પેલમાં અચૂક વિકેટ અને ડેથ ઓવર્સમાં યોર્કર અને સ્ટમ્પ ટુ સ્ટમ્પ બોલિંગ દ્વારા ભલભલા બેટ્સમેનના દાંડિયા ડુલ કરનાર વર્લ્ડ નમ્બર વન બુમરાહ અને એને મળેલો સામી અને ભુવનેશનો સાથ આ વિશ્વકપમાં આપણી બોલિંગનું ઉજળું પાસું રહ્યું. ચહલ કે કુલદીપ આશા મુજબ ના ચાલ્યા એમ કહી શકાય, એમાયે કુલદીપે પાકિસ્તાન સામે બાબરને આઉટ કર્યો એ સિવાય તેનો કોઈ નોંધપાત્ર દેખાવ ના રહ્યો. છતાં પણ એજ એ ટીમ વેલ પ્લેયડ ટીમ ઈન્ડિયા !!

ખેર પરાજયનું પોસ્ટમોર્ટમ કરવા કરતા આ વિશ્વકપમાં આપણને ઘણું પોઝીટીવ મળ્યું છે એમ કહી શકાય. હવે તો ફાઈનલીસ્ટ નક્કી થઈ ગયા છે અને આ વાંચતા હશો ત્યારે રવિવારે આ વખતે વિશ્વકપ પર ક્યાં નવા નામની એન્ટ્રી થાય છે એ પણ ખબર પડી જશે પણ આ વિશ્વકપ ભારત દ્વારા પાકિસ્તાનને ફરી એકવાર વર્લ્ડકપમાં ધૂળ ચાટતું કરવું, આફ્રિકા જેવી ટીમના ખરાબ પ્રદર્શન, બાંગ્લા-પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની ટીમના ઝુઝારું પ્રદર્શન માટે, ઈંગ્લીશ પીચો માટે, પરિસ્થિતિનો ફાયદો ઉઠાવનાર ન્યુઝીલેન્ડ માટે અને મારા મતે વર્ષો પછી અને પ્રથમ વાર વિશ્વકપ જીતવાના ઈંગ્લેન્ડના બેટર ચાન્સીસ માટે હમેશા યાદ રહેશે.

**વિસામો :**

"(લાસ્ટ ફોર માટે) મારા હિસાબે ઈંગ્લેન્ડ, ઓસીઝ, ભારત પછી ન્યુઝીલેન્ડ ટીમ પે નિગાહ જમાયે રખના." (૨ જુન ના 'રઝળપાટ' ના આર્ટીકલમાંથી)